આકાશવાણી ભુજ

સમાચાર વાચક : શીતલ વૈશ્નવ

ડીઇઓ : પ્રદિપ ચાવડા

તારીખ : 13-09-2024 સમય : સવારે 6.50 વાગ્યે

---

## પવન ઊર્જા ઉત્પાદનમાં રાજ્ય મોખરે

પવન ઊર્જા ઉત્પાદનમાં ગુજરાત રાજ્યએ સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. ૧૨ હજાર ૧૩૨થી વધુ મેગા વૉટની ક્ષમતા સાથે અગ્રેસર રહી રાજ્યએ છેલ્લા ત્રણ વર્ષમાં પવન ઊર્જા ક્ષેત્રે સૌથી વધુ પવનચક્કી સ્થાપિત કરવાના ચાર એવાર્ડ મેળવ્યા છે

રાજ્યના જળ-વાયુ પરિવર્તન વિભાગના મંત્રી મુળુભાઈ બેરાના જણાવ્યા અનુસાર સમગ્ર દેશમાં ૩૧ જુલાઈની સ્થિતિએ ૪૭ હજાર પંચોતેર મેગા વોટની ક્ષમતા ધરાવતા વિન્ડ પાવર પ્રોજેક્ટો સ્થાપવામાં આવ્યા છે જેમાં દેશના કુલ ઉત્પાદનના આશરે ૨૫.૮ ટકા જેટલું વીજ ઉત્પાદન ગુજરાત રાજ્યએ કરતાં તે સમગ્ર દેશમાં અગ્રેસર બન્યું છે.

રાજ્યકક્ષાના જળ-વાયુ પરિવર્તન મંત્રી મુકેશ પટેલે વધુમાં જણાવ્યું કે છેલ્લા ૩ વર્ષમાં રાજ્યને સૌથી વધુ પવન ઊર્જા ક્ષમતા હાંસલ કરવા માટે વિવિધ ચાર એવાર્ડ એનાયત કરવામાં આવ્યા હતા.

RNU અમદાવાદ

--------------------------------------------------------------------

## દિલ્હીથી ટીમ-નુકસાનીનો સર્વે

ભારે વરસાદ સંદર્ભે નુકસાની તેમજ રિસ્ટોરેશનના ડૉક્યુમેન્ટેશન માટે દિલ્હીથી ઈન્ટર-મિનિસ્ટ્રીયલ સેન્ટ્રલ ટીમના અધિકારીઓ કચ્છ જિલ્લાની મુલાકાતે આવ્યા હતા. જિલ્લા કલેક્ટર અમિત અરોરાએ પ્રેઝેન્ટેશનના માધ્યમથી પૂર્વ તૈયારીઓ અને ભારે વરસાદ બાદ વહીવટીતંત્ર દ્વારા રિસ્ટોરેશન તેમજ સહાય વિતરણની કામગીરીની વિગતો ટીમ સમક્ષ રજૂ કરી હતી.

આ ઉપરાંત , દિલ્હીથી આવેલી ઈન્ટર-મિનિસ્ટ્રીયલ ટીમના સભ્યોએ જિલ્લામાં પાક નુકસાની , રોડ-રસ્તાની નુકસાની, પશુ મૃત્યુ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો- સ્કૂલોમાં નુકસાની, પાણી વિતરણ વ્યવસ્થામાં નુકસાની, પાક નુકસાની સર્વે કામગીરી , અસરગ્રસ્તોને આપવામાં આવેલા વળતર-કૅશડોલ્સ અંગે વિસ્તૃત માહિતી સંબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી મેળવી હતી. ઈન્ટર-મિનિસ્ટ્રીયલ ટીમ કચ્છ જિલ્લાના ભારે વરસાદ અસરગ્રસ્ત માંડવી અબડાસા વગેરે વિસ્તારોની

મુલાકાત લઈને નુકસાની તેમજ રિસ્ટોરેશનની કામગીરીની સમીક્ષા અને ડૉક્યુમેન્ટેશન કરશે.

માહિતી ખાતુ

---

## પ્રથમ વંદે મેટ્રો ટ્રેન કચ્છથી શરૂ

ભારતની પ્રથમ વંદે મેટ્રો ટ્રેન 16 સપ્ટેમ્બરથી ભુજથી અમદાવાદ વચ્ચે શરૂ થશે. આ ટ્રેનની સમયસારણી રેલવે બોર્ડ દ્વારા જાહેર કરાઇ છે અને આગામી સપ્તાહે જ કચ્છમાં હાઈસ્પીડ ટ્રેનના યુગની શરૂઆત થઈ જશે. જો કે અનારક્ષિત આ ટ્રેનના ટિકિટના દર અને ટિકિટ કઈ રીતે મળશે તે અંગે હજુ સુધી કોઈ બાબત સત્તાવાર રીતે બહાર આવી નથી. કચ્છવાસીઓ લાંબા સમયથી જે સમય સાથેની ટ્રેનની માંગ કરતા હતા, તે જ સમયસારણી સાથે ટ્રેનનું શિડયુઅલ જાહેર થતાં હર્ષની લાગણી પ્રસરી છે.

આ ટ્રેન શરૂ થવાથી મેડીકલ , શિક્ષણ અને વેપાર માટે જતા લોકોને અમદાવાદમાં પુરતો સમય મળશે અને એક જ દિવસમાં પરત ફરી શકશે.

N.P./ શીતલ વૈશ્નવ

---

## પ્રાકૃતિક બજાર

પ્રાકૃતિક ખેતી પ્રકૃતિ , નાગરિકો તથા ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની રહી છે. ઉત્પાદિત માલના વેચાણ માટે ખેડૂતોને બજાર મળી રહે તે માટે રાજ્ય સરકાર ખેડૂતોને પ્લેટફોર્મ પુરુ પાડી રહી છે. હાલ કચ્છમાં ત્રણ શહેરમાં ચાર સ્થળે પ્રાકૃતિક બજારનું આયોજન કરવામાં આવે છે.

ભુજમાં ભાનુશાલી નગરમાં મંગળવાર તથા મુંદરા શહેરમાં શાંતિવન સોસાયટી ખાતે રવિવાર તથા ગુરૂવાર તેમજ અંજારમાં તોરલ સરોવર ખાતે રવિવાર તથા ગુરૂવારે પ્રાકૃતિક બજાર ભરાય છે. જેમાં શહેરીજનો તથા આસપાસના ગ્રામજનો ખરીદી કરવા આવતા હોય છે. જેનો સીધો ફાયદો પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને મળી રહ્યો છે.

માહિતી ખાતુ

---

## પદ્મ પુરસ્કારની નોંધણી

પદ્મ પુરસ્કાર 2025 માટે 15 સપ્ટેમ્બર સુધીમાં નામ મોકલી શકાશે. રાષ્ટ્રીય પુરસ્કાર પૉર્ટલ પર ઑનલાઈન મારફતે જ આ નોંધણીનો સ્વીકાર કરાશે. નોંધણીમાં તમામ સંબંધિત વિગતો સામેલ હોવી આવશ્યક છે. તેમ જ પુરસ્કાર માટે ભલામણ કરાયેલી વ્યક્તિની વિશિષ્ટ અને અસાધારણ સિદ્ધિઓનો ઉલ્લેખ પણ હોવો જોઈએ.

ઉલ્લેખનીય છે કે   ,  પદ્મ પુરસ્કારોની જાહેરાત આવતા વર્ષે પ્રજાસત્તાક દિવસ પર કરાશે.

RNU અમદાવાદ

--------------------------------------------------------------------

## કચ્છ યુનિ.માં યુવક મહોત્સવ

કચ્છ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે યુવક મહોત્સવની ઉજવણી થાય છે. જે અંતર્ગત આ વર્ષે 19 મો યુવક મહોત્સવ આગામી તા.26,27 સપ્ટેમ્બર ભુજ ખાતે યોજાશે. જેમાં સંગીત, નૃત્ય, નાટક, સાહિત્ય અને ચિત્રકલાને લગતી વિવિધ 26 જેટલી સ્પર્ધામાં યુનિવર્સિટી સંલગ્ન 47 ભવનો, કોલેજના 1 હજાર 250 જેટલા વિદ્યાર્થીઓ ભાગ લેશે.

N.P./ શીતણ વૈશ્નવ

--------------------------------------------------------------------

## PM – પેરાલિમ્પિક  ખેલાડીઓ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના નિવાસસ્થાન પર ગઇકાલે પેરિસ પેરાલિમ્પિકથી પરત આવેલા ભારતીય દળ સાથે મુલાકાત કરી હતી. પ્રધાનમંત્રીએ ચંદ્રક જીતનારા તમામ ખેલાડીઓને તેમના ઉત્કૃષ્ટ દેખાવ બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા. ભારતીય ખેલાડીઓએ આ વખતે અત્યાર સુધીના સૌથી વધારે ચંદ્રક જીતીને ઇતિહાસ રચ્યો છે.

RNU અમદાવાદ

--------------------------------------------------------------------